**તેના ભાગ તરીકે રચાયેલી બોર્ડ,પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનુ પત્રક**

૭.૧ જાહેર તંત્રને લગતા બોર્ડ, પરિષદ, સમિતિ અને અન્ય મંડળો અંગેની વિગત નીચેના નમુનામાં આપો.

| અ.નં | મુદ્દા | વિગત |
|---|---|---|
| | (૧)માન્યતા પ્રાપ્ત સંસ્થાનુ નામ અને સરનામું | જિલ્લામાં પુરવઠા વિષયક બાબતો માટે નીચે મુજબની પરિષદ અને સમિતિઓ સરકારશ્રીએ રચવા ઠરાવેલ છે.<br>૧.જિલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ<br>૨.ગ્રામ્ય પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ<br>૩.ગ્રામ્ય તકેદારી સમિતિ<br>૪.તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ<br>૫.શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ.<br>૬.જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ.<br>૭.જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિ |
| | (૨) માન્યતા પ્રાપ્ત સંસ્થાનો પ્રકાર (બોર્ડ,પરિષદ, સમિતિઓ,અન્ય મંડળો) | ઉપરોકત અ.નં ૧ એક પરિષદ છે. જયારે અ.નં ૨ થી ૭ એ ગ્રામ્ય સ્તરથી જિલ્લા સ્તર સુધીની વિવિધ સમિતિઓ છે.<br>તે ઉપરાંત રાજકોટ શહેર/જિલ્લા ગ્રાહક સુરક્ષા સંગઠન પણ જિલ્લામાં કાર્યરત છે અને તે ગ્રાહક સુરક્ષા અને ગ્રાહક કલ્યાણ લક્ષી પ્રવૃતિઓ હાથ ધરે છે અને જે મંડળમાં સરકારના કાયમી પ્રતિનિધિ તરીકે મામલતદારશ્રી, રાજકોટ તાલુકા નિયુકત થયેલાં છે. |
| | (૩) માન્યતા પ્રાપ્ત સંસ્થાનો ટુકો પરિચય. | ૧.ગ્રાહક સુરક્ષા (સુધારા ) અધિનિયમ ૨૦૦૨ ની જોગવાઈઓનું પાલન કરવા માટે જિલ્લા પરિષદની રચના કરવામાં આવી છે.આ પરિષદ ગ્રાહક સુરક્ષા સંબંધી બાબતો હાથ ધરે છે.<br>૨.જાહેર વિતરણ વ્યવસ્થા સુદ્દઢ અને પારદર્શક બને તથા છેવાડાના લાભાર્થી સુધી ક્ષતિમુક્ત વિતરણ થઈ શકે તેમજ અન્ય આવશ્યક ચીજવસ્તુઓ વપરાશકર્તાઓને ઉચિત ભાવથી નિયમીત રીતે મળી રહે તે હેતુસર ઉપરોક્ત અ.નં.૨ થી ૭ ની વિવિધ સમિતિઓ સરકારશ્રીએ રચવા ઠરાવેલ છે. |
| | (૪) માન્યતા પ્રાપ્ત સંસ્થાની ભૂમિકા | આ પરિષદ અને સમિતિઓ ની ભૂમિકા ઉપર દર્શાવ્યા મુજબ એટલે કે લોકોને સરકારશ્રી દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સબસીડરાઈઝડ ભાવથી રાહત દરે વિતરણ થતી આવશ્યક ચીજવસ્તુઓ નિયત પ્રમાણ અને ભાવથી વિતરણ થાય, ખરેખર લાભાર્થીઓને મળી રહે, ગેરરીતિઓને અવકાશ ન રહે તે માટેના ઉપાયાત્મક પગલાંઓ પણ સમિતિ સૂચવે છે. |
| | (૫) માળખુ અને સભ્ય બંધારણ | ઉપરોકત પરિષદ અને સમિતિ ના માળખા, સભ્ય અને બંધારણના સંદર્ભમાં સંક્ષિપ્તતા ખાતર સરકારશ્રીના ઠરાવના નંબર નીચે દર્શાવ્યા છે. જે ઠરાવોમાં પરિષદ/ સમિતિના બંધારણ ઉપરાંત કાર્યક્ષેત્ર પણ નિયત થયેલ છે.<br>૧. જિલ્લા ગ્રાહક સુરક્ષા પરિષદ –અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગનુ જાહેરનામુ ક્રમાંક જીટીએચ/ ૨૦૦૪/૨/સીપીએ/૧૦૨૦૦૩/૧૧૫૨/ડી તા.૨૯/૧/૦૪ |

| | | |
|---|---|---|
| | | ૨.ગ્રામ્ય પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક્રમાક ગપસ/૧૪૯૧/૫૯૧૯/ઈ તા.૧૦/૬/૯૨<br>૩.પંડિત દીનદયાળ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વાજબી ભાવની દુકાન) માટે ગ્રામ તકેદારી સમિતિ –અ.ના.પુ અને ગ્રા.બા. વિભાગનો ઠરાવ ક્રમાક પીડીએસ/૧૦–૨૦૦૫ /૩૬૮૫/ક તા.૨૬/૯/૨૦૦૫<br>૪.તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ – અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક્રમાક તપસ/૧૦૮૮/ ૩૦૧૮/ઈ તા.૧૮/૬/૮૮<br>૫.જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિ – અ.ના.પુ અને ગ્રા.બા.વિભાગનો ઠરાવ ક્રમાક જનસ/૧૪૯૮/ ૨૧૪૯/ઈ તા.૩૧/૩/૨૦૦૦ |
| | (૬) સંસ્થાના વડા | ૧.કલેકટરશ્રી, રાજકોટ જિલ્લાની ગ્રાહક સુરક્ષા પરિષદના અધ્યક્ષ છે.<br>૨.ગ્રામ્ય પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના ચેરમેન તરીકે ગ્રામ પંચાયતના સરપંચશ્રી નિયુકત થયેલા છે.<br>૩. ગ્રામ્ય તકેદારી સમિતિના ચેરમેન પદે ગ્રામ પંચાયતના સરપંચશ્રીને નકકી કરવામા આવેલ છે.<br>૪.તાલુકા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે તાલુકા મામલતદાર નિયુકત થયેલા છે.(જયા પોતાનું હેડ કવાર્ટર હોય તેવા તાલુકામાં પ્રાંત અધિકારી આ સમિતિના અધ્યક્ષ તરીકે તે તાલુકામાં રહેશે)<br>૫.શહેર નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટરશ્રી છે.<br>૬.જિલ્લા નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા સલાહકાર સમિતિના અધ્યક્ષ તરીકે જિલ્લા કલેકટરશ્રી છે. |
| | (૭) મુખ્ય કચેરી અને તેના સરનામા. | ૧.કલેકટરશ્રી, કલેકટર કચેરી, જુની વેસ્ટ હોસ્પીટલ બિલ્ડીંગ, રાજકોટ –૩૬૦ ૦૦૧<br>૨.જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જુની વેસ્ટ હોસ્પીટલ બિલ્ડીંગ, રાજકોટ –૩૬૦ ૦૦૧ |
| | (૮) બેઠકોની સંખ્યા | ઉપરોકત મુદ્દા નં. ૫ માં દર્શાવેલ સરકારી ઠરાવો થી નિયત થયેલ ધોરણ મુજબ બેઠકો યોજવાની થાય છે. |
| | (૯) શું જનતા બેઠકમાં ભાગ લઈ શકે છે ? | ના, પરંતુ જનતાના પ્રતિનિધિ તરીકે નિયુકત થયેલ સભ્યોને હાજર રાખવામાં આવે છે. તેઓ બેઠકમાં ભાગ લઈ શકે છે તથા જનતાના પ્રશ્નો રજૂ કરી શકે છે. |
| | (૧૦) શુ બેઠકોની કાર્યવાહી નોંધ તૈયાર કરવામા આવે છે ? | હા કાર્યવાહી નોંધ તૈયાર કરવામાં આવે છે. તેમજ કાર્યવાહી નોંધ સંબંધકર્તા સર્વેને મોકલવામાં આવે છે. |
| | (૧૧) બેઠકોની કાર્યવાહી નોંધ જનતાને ઉપલબ્ધ છે? જો તેમ હોય તો તે મેળવવા માટેની માહિતી આપો. | અગાઉના પ્રકરણ ૬ ના મુદ્દા ૬.૧ માં દર્શાવેલ કાર્ય પધ્ધતિ મુજબ જનતા આ બેઠકોની કાર્યનોધની નકલ મેળવી શકે છે. |